જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૪/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૪ લીટર દેશી દારૂ, ૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૬૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૬૮૬/૧૮

**દાણીલીમડા :** અપ્સાબહેન રફીકભાઇ વોરા (ઉ.વ.૬૩)(રહે,પ્રશાંતનગર સોસાયટી પાણીની ટાંકી પાસે ભાલેજ રોડ આણંદ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૧૮ કલાક ૧૦/૧૫ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન મણીનગર BRTS બસ સ્ટેશન થી દાણીલીમડા ચાર રસ્તા પાસે આવેલ BRTS બસ સ્ટેશન સુધીની બસની મુસાફરી દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ અપ્સાબેહેનની નજર ચુકવી તેમના પર્સને તીક્ષ્ણ ધારવાળી વસ્તુ વડે ચીરો મારી પર્સમાંથી રોકડા રૂપીયા ૫૦,૦૦૦/- અને તેમના આઇકાર્ડની નકલની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.જલવાણી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૬૮૭/૧૮

**મેઘાણીનગર : (૧)** વર્ષાબેન વા/ઓ ભીમજીભાઇ પદમાજી વણઝારા (ઉ.વ.૩૦)(રહે,ચીમનલાલ મહાસુખલાલ ની ચાલી ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી જતાં, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુંઆ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિંહ દલપતસિંહ ચલાવે છે.

**મેઘાણીનગર : (૨)** કરણ ઉર્ફે દત્તુ ગોવિંદભાઇ (ઉ.વ.૧૯)(રહે,માવજીદાસની ચાલી રામચંદ્ર કોલોની ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૧૮ ના કલાક ૧૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ માં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સાગરભાઇ ખુમાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.